RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 356 * Date: 17.10.2026,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

મોંઘવારીમાં પિસાતી પ્રજા અને સરકારને બખંબખ્ખા:

ટેક્સની આવક ૧૩% વધી રૂ. ૧૩.૩૮ લાખ કરોડ

દેશમાં મોંઘવારી વચ્ચે પણ સરકારની તિજોરી છલકાઈ રહી છે. ચાલુ નાણાકીય વર્ષમાં નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧૩.૨૧% વધીને ?૧૩.૩૮ લાખ કરોડને પાર થયું છે. કંપનીઓ અને શેરબજારમાંથી સરકારની આવક વધી છે, જેમાં કોર્પોરેટ ટેક્સમાં ૨૦.૫૮%અને જી કલેક્શનમાં ૫૨% નો વધારો થયો છે. આમ, પ્રજા મોંઘવારીથી પીડાઈ રહી હોવા છતાં સરકારને બખ્ખાં છે.

દેશમાં સામાન્ય જનતા મોંઘવારીના મારથી પીસાઈ રહી છે. રિટેલ ફૂગાવો અને જથ્થાબંધ ફૂગાવો અનેક મહિનાઓની ટોચે છે. આવા સમયે પણ સરકારની તીજોરી ટેક્સની આવકોથી છલકાઈ રહી છે. એકબાજુ સરકારને જીએસટી સ્વરૂપે માસિક કરોડોની આવક થઈ રહી છે. બીજીબાજુ ચાલુ નાણાકીય વર્ષમાં સરકારને નેટ ડાયરેક્ટ કલેક્શન ૧૩.૨૧ ટકા વધીને રૂ.



૧૩.૩૮ લાખ કરોડને પાર થઈ ગયું છે. સરકારને કંપનીઓ તરફથી મળતા ટેક્સમાં ૨૦.૫૮ ટકા જેટલો વધારો થયો છે જ્યારે શેરબજારમાં થતી લેવડ-દેવડથી પણ સરકારની આવક વધી છે. એટલે અંતે તો પ્રજા ભલે મોંઘવારીમાં જીવન ટકાવી રાખવાના હવાતિયા મારતી રહે પણ સરકારને તો બખંબખ્ખા જ છે.ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં નેટ ડાયરેક્ટ કલેક્શન ૧૩.૨૧ ટકા વધીને લગભગ ૧૩.૩૮ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. જે સમગ્ર વર્ષનાં બજેટ લક્ષ્યનાં લગભગ ૫૦ટકા છે. ચાલુ નાણાકીય વર્ષમાં ૧ એપ્રિલથી ૧૪ ઓક્ટોબરની વચ્ચે ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં જોવા મળેલો આ વધારો મુખ્યત્વે કોર્પોરેટ ટેક્સ કલેક્શનમાં ૨૦ ટકાની મજબૂત વૃદ્ધિને કારણે જોવા મળ્યો છે. આ વૃદ્ધિ એવા સમયે જોવા મળી છે જ્યારે નોન કોર્પોરેટ કરદાતાઓને આપવામાં આવતા રિફંડમાં ૬૭ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધી નેટ કોર્પોરેટ ટેક્સ કલેક્શન ૨૦.૫૮ ટકા વધીને ૫.૯૯ લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ ગયું છે. જ્યારે નોન કોર્પોરેટ ટેક્સ કલેક્શન ૫.૮૩ ટકા વધીને લગભગ ૬.૯૨ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે.

નાણાકીય વર્ષ ૨૦૨૭માં ૧૪ ઓક્ટોબર સુધી સિક્યોરિટીઝ ટ્રાન્ઝેકશન ટેક્સ (એસટીટી) કલેક્શન ૫૨ ટકા વધીને ૪૬,૮૪૦ કરોડ રૂપિયા થઈ ગયું છે. ચાલુ નાણાકીય વર્ષ માટે એસટીટી બજેટ લક્ષ્ય ૭૩,૭૦૦ કરોડ રૂપિયા છે.સરકારે ચાલુ નાણાકીય વર્ષમાં ડાયરેક્ટ ટેક્સથી ૨૬.૯૭ લાખ કરોડ રૂપિયા એકત્ર કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

વારાહી દેરાવાસની ૧૦૦ વર્ષ જૂની ગરબીમાં ખેલૈયાઓનો અનેરો ઉત્સાહ



નવરાત્રિના નવે નવ દિવસ વિજયભાઈ મનુભાઈ દરજી તરફથી ગરબા રમતા ભક્તોને રાત્રે લ્હાણી

વારાહીઃ નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે વારાહીના દેરાવાસ ખાતે આવેલી અંદાજે ૧૦૦ વર્ષ કરતાં પણ જૂની ગરબીમાં માતાજીના ગરબા રમવા માટે ખેલૈયાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નવરાત્રિના નવે નવ દિવસ દરમિયાન રાત્રે માતાજીના ગરબે રમવા માટે ભક્તો મોટી સંખ્યામાં એકત્રિત થઈને ભક્તિભાવ સાથે ગરબે ઘૂમી રહ્યા છે. વારાહીના દેરાવાસ ખાતે રહેતા સી.આર.સી. વિજયભાઈ મનુભાઈ દરજીને ત્યાં સુપુત્રની પ્રાપ્તિ થતાં તેમણે રાખેલી બાધા પૂર્ણ થતાં નવરાત્રિના નવે નવ દિવસ દરમિયાન તેમના તરફથી રાત્રે ગરબે રમતા ભક્તોને લ્હાણી આપવામાં આવે છે. આ સેવાકીય અને ધાર્મિક ભાવનાને કારણે નવરાત્રિ મહોત્સવમાં ભક્તોમાં વિશેષ આનંદ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે વારાહીના દેરાવાસની ગરબી ૧૦૦ વર્ષ કરતાં પણ વધુ જૂની હોવાનું જણાવવામાં આવે છે. વર્ષોથી ચાલી આવતી આ પરંપરા આજે પણ ભક્તિભાવ અને ઉત્સાહ સાથે જળવાઈ રહી છે. રાત્રિના સમયે માતાજીના ગરબે રમવા માટે ભક્તો એકત્રિત થતાં સમગ્ર વિસ્તારમાં આધ્યાત્મિક વાતાવરણ સર્જાય છે અને ભક્તો માતાજીની આરાધના સાથે આનંદપૂર્વક ઝૂમી ઊઠે છે.

આ નવરાત્રિ મહોત્સવને સફળ બનાવવા માટે દેરાવાસના અગ્રણી તથા બનાસ બેંકના મેનેજર શ્રી પ્રવીણભાઈ ઠક્કર સાહેબ, સુરેશભાઈ ઠક્કર તેમજ દેરાવાસના સમગ્ર રહેવાસીઓ, દરજી પરિવાર, ઠક્કર પરિવાર સહિત તમામ સમાજના લોકો હળીમળીને તનતોડ મહેનત કરી રહ્યા છે.

પેટ્રોલ-ડીઝલ મોંઘા થશે મોડી રાતે સરકારે વિન્ડફોલ ટેક્સમાં કર્યો મોટો ફેરફાર!

કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલના નિકાસ પરના વિન્ડફોલ ટેક્સમાં ફેરફાર કર્યો છે. ૧૬ ઓક્ટોબરથી પેટ્રોલ નિકાસ પર ૨.૫૦ રૂપિયા પ્રતિ લીટર ટેક્સ વધારાયો, જ્યારે ડીઝલ પર ૭.૫૦ રૂપિયા ઘટાડી ૮.૫૦ રૂપિયા કરાયો. છ્હ્વ પર કોઈ ફેરફાર નથી. આ ફેરફાર નિકાસ માટે છે, જેથી દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવ પર સીધી અસર નહીં થાય.કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલના નિકાસ પર લાગતા વિન્ડફોલ ટેક્સ (અપ્રત્યાશિત કર)માં મોટો ફેરફાર કર્યો છે. ૧૬ ઓક્ટોબર ૨૦૨૬થી અમલમાં આવેલી નવી દરો મુજબ, સરકાર દ્વારા પેટ્રોલના નિકાસ પરનો ટેક્સ વધારીને ૨.૫૦ રૂપિયા પ્રતિ લીટર કરી દેવામાં આવ્યો છે, જ્યારે ડીઝલના નિકાસ પરના ટેક્સમાં ૭.૫૦ રૂપિયા પ્રતિ લીટરનો મોટો ઘટાડો કરીને તેને ૧૬ રૂપિયાથી ઘટાડીને ૮.૫૦ રૂપિયા પ્રતિ લીટર કરી દેવામાં આવ્યો છે. જો કે, એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (છ્હ્વ)ના નિકાસ શુલ્કમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.શું દેશમાં પેટ્રોલ-ડીઝલ મોંઘા થશે?સરકારનઆનિર્ણયથીસામાન્ય નાગરિકોના મનમાં સવાલ થાય કે શું દેશમાં પેટ્રોલ-ડીઝલ મોંઘા થશે? તો સ્પષ્ટતા એ છે કે આ ફેરફાર માત્ર 'નિકાસ' (ઈટૅ) પર લાગુ થાય છે, તેથી દેશમાં ઘરેલુ વપરાશ માટે મળતા પેટ્રોલ-ડીઝલની કિંમતો પર તેની કોઈ સીધી અસર પડશે નહીં. દિલ્હી સહિત દેશના મુખ્ય શહેરોમાં ઈંધણના ભાવ યથાવત રહ્યા છે. ભારતમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા સરકારી નિયંત્રણ હેઠળ ઈંધણના ભાવ નક્કી થતા હોય છે.ઉલ્લેખનીય છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ



ઓઈલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોના ભાવના ઉતાર-ચઢાવ પર નજર રાખવા માટે સરકાર દર ૧૫ દિવસે વિન્ડફોલ ટેક્સની સમીક્ષા કરતી હોય છે. ભારતમાં જુલાઈ ૨૦૨૨માં પ્રથમવાર ફ્યુઅલ એક્સપોર્ટ પર આ ટેક્સ લાગુ કરવામાં આવ્યો હતો, અને તાજેતરમાં માર્ચ ૨૦૨૬માં મધ્ય પૂર્વના તણાવ અને ક્રૂડ ઓઈલની કિંમતોમાં ઉછાળાને કારણે તેને ફરીથી અમલમાં મૂકવામાં આવ્યો છે.



ગાંધીનગરમાં બથુકમ્મા મહોત્સવ ૨૦૨૬ની ભવ્ય ઉજવણી

તેલુગુ સંસ્કૃતિ, માતૃશક્તિ અને સામાજિક એકતાનો અનોખો સંગમ

ગાંધીનગર બથુકમ્મા એસોસિએશન દ્વારા શ્રી બાલાજી મંદિર, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે ૧૦ ઑક્ટોબરના રોજ બથુકમ્મા મહોત્સવ ૨૦૨૬ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગર, અમદાવાદ તથા આસપાસના વિસ્તારોમાંથી તેલુગુ સમાજ સહિત વિવિધ સમાજોના અગ્રણીઓ, વરિષ્ઠ અધિકારીઓ, પરિવારો અને બિનનિવાસી ભારતીયો (ન્રૈં)એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમનું ઉદ્ઘાટન ગુજરાત સરકારના પૂર્વ ગૃહ સચિવ અને નિવૃત્ત ૈંછજી અધિકારી શ્રી વી. રામાસુબ્બા રાવના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી નાગેશ દેવલપલ્લી, પ્રમુખ, ભારત ભારતી સંઘ, કર્ણાવતી શહેર તથા અમદાવાદ મહાનગરપાલિકાના પૂર્વ નગરસેવક અને હોસ્પિટલ કમિટીના પૂર્વ ચેરમેન; શ્રીમતી જયશ્રીબેન દત્તાત્રેય દાસરી, સ્ટેન્ડિંગ કમિટી સભ્ય અને નગરસેવિકા, અમદાવાદ મહાનગરપાલિકા; તેમજ શ્રી શ્રીનિવાસ રુદ્રા, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, અખિલ ભારતીય પદ્મશાલી યુવાજન સંઘમ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ગણેશ વંદના અને દીપ પ્રાગટ્ય બાદ પરંપરાગત વેશભૂષામાં સજ્જ મહિલાઓએ રંગબેરંગી ફૂલોથી બથુકમ્માની પૂજા કરી અને તેલુગુ લોકગીતો સાથે સામૂહિક નૃત્ય રજૂ કર્યું. પ્રસાદ વિતરણ અને પરંપરાગત વિસર્જન સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.



ગાંધીનગર બથુકમ્મા એસોસિએશન છેલ્લા અનેક વર્ષોથી તેલુગુ સંસ્કૃતિ, પરંપરાઓના જતન અને નવી પેઢીમાં સાંસ્કૃતિક મૂલ્યોના સંવર્ધન માટે કાર્યરત છે. વિવિધ સમાજોની સહભાગિતાથી આ મહોત્સવ સામાજિક સમરસતા, સાંસ્કૃતિક વારસા અને વિવિધતામાં એકતાનું પ્રેરણાદાયી ઉદાહરણ બન્યો હતો.

આયોજકોએ તમામ મહેમાનો, સહયોગીઓ અને ઉપસ્થિત સમાજજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

તંત્રી લેખ

પેટ્રોલ-ડીઝલ મોંઘા થશે? મોડી રાતે સરકારે વિન્ડફોલ ટેક્સમાં કર્યો મોટો ફેરફાર!

કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલના નિકાસ પરના વિન્ડફોલ ટેક્સમાં ફેરફાર કર્યો છે. ૧૬ ઓક્ટોબરથી પેટ્રોલ નિકાસ પર ૨.૫૦ રૂપિયા પ્રતિ લીટર ટેક્સ વધારાયો, જ્યારે ડીઝલ પર ૭.૫૦ રૂપિયા ઘટાડી ૮.૫૦ રૂપિયા કરાયો. છ્લ્લ પર કોઈ ફેરફાર નથી. આ ફેરફાર નિકાસ માટે છે, જેથી દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવ પર સીધી અસર નહીં થાય.કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલના નિકાસ પર લાગતા વિન્ડફોલ ટેક્સ (અપ્રત્યાશિત કર)માં મોટો ફેરફાર કર્યો છે. ૧૬ ઓક્ટોબર ૨૦૨૬થી અમલમાં આવેલી નવી દરો મુજબ, સરકાર દ્વારા પેટ્રોલના નિકાસ પરનો ટેક્સ વધારીને ૨.૫૦ રૂપિયા પ્રતિ લીટર કરી દેવામાં આવ્યો છે, જ્યારે ડીઝલના નિકાસ પરના ટેક્સમાં ૭.૫૦ રૂપિયા પ્રતિ લીટરનો મોટો ઘટાડો કરીને તેને ૧૬ રૂપિયાથી ઘટાડીને ૮.૫૦ રૂપિયા પ્રતિ લીટર કરી દેવામાં આવ્યો છે. જો કે, એવિએશન ટર્બાઈન ફ્યુઅલ ના નિકાસ શુલ્કમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથીસરકારના આ નિર્ણયથી સામાન્ય નાગરિકોના મનમાં સવાલ થાય કે શું દેશમાં પેટ્રોલ-ડીઝલ મોંઘા થશે? તો સ્પષ્ટતા એ છે કે આ ફેરફાર માત્ર 'નિકાસ' પર લાગુ થાય છે, તેથી દેશમાં ઘરેલુ વપરાશ માટે મળતા પેટ્રોલ-ડીઝલની કિંમતો પર તેની કોઈ સીધી અસર પડશે નહીં. દિલ્હી સહિત દેશના મુખ્ય શહેરોમાં ઈંધણના ભાવ યથાવત રહ્યા છે. ભારતમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા સરકારી નિયંત્રણ હેઠળ ઈંધણના ભાવ નક્કી થતા હોય છે.ઉલ્લેખનીય છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોના ભાવના ઉતાર-ચઢાવ પર નજર રાખવા માટે સરકાર દર ૧૫ દિવસે વિન્ડફોલ ટેક્સની સમીક્ષા કરતી હોય છે.



ભારતીય ગરબા સંસ્કૃતિને સાચવવા શેરી ગરબાને પ્રોત્સાહન આપવાનો કાર્યક્રમ યોજાયો તારીખ -૧૫/૧૦/૨૬ , ગુરુવાર યશ હેરિટેજ ભાગ નંબર એક રાત્રે -૧૦-૩૦- થી ૧૧-૩૦ કલાકે પ્રાચિન અને સ્વહસ્તે શણગારેલા માટલી ના ગરબાની સ્પર્ધા કરી વિજેતા પ્રથમ, દ્વિતીય અને તૃતીય ને ઈનામો આપવામાં આવ્યા મોટી સંખ્યામાં સોસાયટીના કોમન પ્લોટમાં માં ભાઈઓ બહેનો અને દીકરા-દીકરીઓ મન મૂકીને ગરબે ઘૂમ્યા ગરબે ઘૂમતા તમામ ને લકી ડ્રોની કુપન આપવામાં આવી નાની દીકરી દ્વારા લકી ડ્રો કરી વિજેતા થનાર પાંચ ખેલૈયાઓને ઈનામો આપવામાં આવ્યા ભારતીય સંસ્કૃતિને સાચવવા ની મારી દિકરી મારી નજર સામે ગરબે ઘૂમે એવી આદર્શ થીમ સાથે ના કાર્યક્રમમાં યશ હેરીટેજ સોસાયટી ભાગ એક ના સહુ રહેવાસી યુવાનો, બહેનો એ ટ્રેડિશનલ ડ્રેસ માં ગરબે ઘૂમ્યા હતા ?સોસાયટી ના વડીલોએ ભારત વિકાસ પરિષદ ની સમગ્ર ટીમ નું સોસાયટી વતી સ્વાગત કર્યું હતું હતું સંસ્કૃતિને જાળવી રાખીતા અને પાર્ટી પ્લોટ કલ્ચર સામે પારીવારીક શેરી ગરબા એ જબરદસ્ત આકર્ષણ જમાવ્યું હતું તથા સૌએ ભારત વિકાસ પરિષદ ના સાચી નવરાત્રી ઉજવણી કરવાના કાર્યક્રમની પ્રસંશા કરી હતી સોસાયટી ના પ્રમુખે ભારત વિકાસ પરિષદ ની સમગ્ર ટીમને સોસાયટી ના લોકો ને પ્રોત્સાહિત કરવા બદલ, વિજેતાઓને ઈનામો આપવા બદલ આભાર માન્યો હતો યશ હેરીટેજ સોસાયટી દરવર્ષે વર્ષભર ના તમામ તહેવારોની ધામધૂમથી ઉજવણી કરે છે તથા પારિવારિક ભાવ થી સૌ સોસાયટી જનો સહભાગી બને છે જે સોસાયટી માં એકતા ની ભાવના નું અપ્રિતમ ઉદાહરણ બન્યું છે

માતાજી આવ્યા:નવરાત્રીમાં ધૂણવું! શ્રદ્ધા કે,મનનું વિજ્ઞાન!? (સંત સુરા)

રાતના ૧૨ વાગ્યા છે. ગામના ચોકમાં ઢોલ ગાજે છે. અચાનક એક બહેનના શરીરમાં ધ્રુજારી આવે — આખું ગામ પગે લાગે — માતાજી આવ્યા! જે બહેનો અડચણમાં હોય એ દૂર થઈ જાય!

૧. શ્રદ્ધાનો પક્ષ:

લોકસાહિત્યમાં નવરાત્રી એટલે શરીરને તપાવવું. અનાજ છોડો, ઉપવાસ કરો, રાત આખી જાગો. આમાં વ્યક્તિનો 'હું' ઓગળી જાય. ભક્તિમાં એને જ તલ્લીનતા કહે છે. મીરાંને પણ કૃષ્ણમાં આવો જ ભાવ આવતો.
ઘણી વાર જે વ્યક્તિને ઘરમાં સાંભળવામાં નથી આવતી, તે જ્યારે આ અવસ્થામાં બોલે ત્યારે સમાજ સાંભળે છે. એટલે આને ભાવનાત્મક મુક્તિ તરીકે પણ જોવાય છે.
૨. વૈજ્ઞાનિક અભિગમ:
મનોચિકિત્સકો આને ડૈજર્જષ્ઠૈદ્દૈદ્બી્ ક્ટ્રિહષ્ઠી કૃહઙ્ઘ્ઁજજીજર્જૈહ ડૈજઙ્ઘ્ટ્રીકિહે છે. ઉર્ઝ્ઁ નોંઝઢ્ઢ-૧૧ માં એની નોંધ છે.
કારણો:
- શારીરિક: ઉપવાસ, ઊંઘનો અભાવ, પાણી ઓછું પીવું.
- માનસિક: ઢોલનો એકધારો અવાજ ૧૨૦ ડેસિબલથી વધુ, એક જ વર્તુળમાં ફરવું — એનાથી મગજમાં જીીહિહ અને ઢૈંક્ટ્રૈહી વધ-ઘટ થાય.
- સામાજિક: ભીડનો પ્રભાવ.
નિષ્ણાતો સ્પષ્ટ કહે છે — આ કોઈ ભૂત, વળગાડ કે નાટક નથી. આ એક સાચી માનસિક અવસ્થા છે. વ્યક્તિ જૂઠું નથી બોલતી, એને ખરેખર લાગે છે કે એનામાં બીજી શક્તિ આવી છે.
૩. શું કરવું?
બે છેડા છે — એક કહે બધા ઢોંગી છે, બીજો કહે બધામાં માતાજી છે. બંને ઉતાવળા નિર્ણયો છે.
જો તમારી સામે કોઈ આવી અવસ્થામાં આવે તો ટોળું ન કરો, હસો પણ નહીં. શાંતિથી બાજુમાં બેસાડો, પાણી આપો, હવા નાખો. ભાનમાં આવે ત્યારે તબિયત પૂછો.

જો આવું વારંવાર થાય, વ્યક્તિ પોતાને ઈજા પહોંચાડે, કલાકો સુધી ભાનમાં ન આવે તો મનોચિકિત્સકનો સંપર્ક કરવો હિતાવહ છે.

નવરાત્રી ભક્તિનો તહેવાર છે — ભાવને સમજીને ઉજવવો એ જ સાચો માર્ગ છે!જયમાતાજી!સુનિલ બર્મન.સુરત.સંત સુરા

અમદાવાદ: નિકોલમાં ૪૫૦૦ના ભાડે મકાન રાખી પચાવી પાડ્યું, માતા અને પુત્ર સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો દાખલ

અમદાવાદના નિકોલ વિસ્તારમાં ભાડે આપેલું મકાન ખાલી ન કરી ગેરકાયદે કબજો જમાવવા બદલ માતા-પુત્ર સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. સિંગરવાનાં અમરનાથપાર્કમાં ૨૦૧૯થી માસિક ૪૫૦૦ રૂપિયામાં ભાડે રાખેલું મકાન ખાલી ન થતાં માલિકે કલેક્ટર સમિતિમાં અરજી કરી હતી. કલેક્ટરની મંજૂરી બાદ નિકોલ પોલીસે શારદાબહેન અને પિન્ટુ રાવળ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.અમદાવાદના નિકોલ વિસ્તારમાં ભાડે આપેલું મકાન ખાલી ન કરી તેના પર ગેરકાયદે કબજો જમાવી લેવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. સિંગરવા વિસ્તારમાં આવેલા અમરનાથપાર્કમાં



માસિક ૪૫૦૦ રૂપિયામાં ભાડે રાખેલું મકાન ખાલી ન કરવા બદલ તથા ભાડું ન ચૂકવી ગેરકાયદે કબજો જાળવી રાખવા બદલ માતા અને પુત્ર સામે નિકોલ પોલીસ સ્ટેશનમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે.૨૦૧૯થી ભાડે આપ્યું હતું મકાનબાપુનગરની ઈન્ડિયા કોલોનીમાં રહેતા અને સુમેલ-૭માં ટૂલ્સનો વેપાર કરતા જિતેન્દ્રકુમાર વસોયાએ વર્ષ ૨૦૧૮માં સીંગરવા ખાતે આવેલું અમરનાથપાર્કનું મકાન નંબર ૧૫ દસ્તાવેજથી ખરીદ્યું હતું. ત્યારબાદ તેમણે વર્ષ ૨૦૧૯માં આ મકાન શારદાબહેન રાવળને રહેણાંક હેતુ માટે માસિક ૪૫૦૦ રૂપિયાના ભાડે આપ્યું હતું. વર્ષ ૨૦૧૯થી ૨૦૨૩ સુધી સમયાંતરે ભાડા કરાર કરીને આ પરિવાર નિયમિતપણે ભાડું ચૂકવતો હતો.જોકે, જાન્યુઆરી ૨૦૨૪થી શારદાબહેન અને તેમના પુત્ર પિન્ટુ રાવળે મકાનનું ભાડું ચૂકવવાનું બંધ કરી દીધું હતું. મકાનમાલિક જિતેન્દ્રકુમારે રૂબરૂ જઈને બાકી નીકળતું ભાડું ચૂકવવા તેમજ મકાન ખાલી કરી દેવા વારંવાર રજૂઆતો કરી હતી. પરંતુ બંને મા-દીકરાએ મકાન ખાલી કરવાનો સાફ ઈનકાર કરી દઈને મકાન પર ગેરકાયદે કબજો જાળવી રાખ્યો હતો.મકાન ખાલી ન થતાં આખરે જિતેન્દ્રકુમારે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે લેન્ડ ગ્રેબિંગ સમિતિ સમક્ષ અરજી દાખલ કરી હતી. કલેક્ટરની અધ્યક્ષતાવાળી કમિટી દ્વારા સમગ્ર મામલે તપાસ કરાયા બાદ હકારાત્મક અભિપ્રાય આપવામાં આવ્યો હતો. જે સરકારી મંજૂરીના આધારે નિકોલ પોલીસે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ (લેન્ડ ગ્રેબિંગ) કાયદાની વિવિધ કલમો હેઠળ શારદાબહેન અને પિન્ટુ રાવળ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અમદાવાદમાં હવે નકલી કોસ્મેટિક્સ પ્રોડક્ટ્સ ઝડપાઈ, ઘી કાંટા રોડની બે દુકાનોએ દરોડા

અમદાવાદના ઘી કાંટા રોડ પર જીંય કાઈમ બ્રાન્ચે કોસ્મેટિક દુકાનો પર દરોડા પાડ્યા. ×માય બ્યુટી સેન્ટર×× અને ×લક્ષ્મી બ્યુટી શોપ×× માંથી મેટ્રિક્સ કંપનીની કોપીરાઈટનો ભંગ કરતી ૬.૯૦ લાખની ૧,૨૨૧ નકલી પ્રોડક્ટ્સ ઝડપાઈ. પોલીસે યશ ઠક્કર અને રીષભ અગ્રવાલ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મુંબઈ અને નારણપુરા કનેક્શનનો પણ પર્દાફાશ થયો છે. અમદાવાદના ઘી કાંટા રોડ પર આવેલી બે જાણીતી કોસ્મેટિક દુકાનોમાં એસ.ઓ.જી. કાઈમ બ્રાન્ચે દરોડા પાડીને જાણીતી મેટ્રિક્સ કંપનીની કોપીરાઈટનો ભંગ કરતી ૬.૯૦ લાખ રૂપિયાની કિંમતની ૧,૨૨૧ નંગ નકલી પ્રોડક્ટ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે માય બ્યુટી સેન્ટ્રલ અને લક્ષ્મી બ્યુટી



શોપના સંચાલકો યશ પ્રભુલાલ ઠક્કર તથા રીષભ અગ્રવાલ સામે કોપીરાઈટ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.બાતમીના આધારે જીંય અને કંપનીના પ્રતિનિધિઓએ પાડી રેડ?મળતી માહિતી અનુસાર, નવી દિલ્હી ખાતે નિઝામુદ્દીન પૂર્વમાં આવેલી જાણીતી મેટ્રિક્સ કંપનીના અધિકૃત પ્રતિનિધિ નૃપેન્દ્ર શૈલેન્દ્રકુમાર કશ્યપને બાતમી મળી હતી કે અમદાવાદના ઘી કાંટા રોડ પર નકલી કોસ્મેટિક્સનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. આ બાતમીના આધારે પારેખ ઈન્ટેલેક્ચ્યુઅલ સર્વિસીસના પ્રોપરાઇટર દર્શક પારેખ અને એસઓજી કાઈમ બ્રાન્ચના પીએસઆઈ એ.એ. વ્યાસ સહિતના સ્ટાફે પંચોને સાથે રાખી સંયુક્ત રેઇડ કરી હતી. તપાસ દરમિયાન ઘી કાંટા રોડ, પંચભાઈની પોળ પાસે આવેલ 'માય બ્યુટી સેન્ટર'માંથી યશ પ્રભુલાલ ઠક્કરપાસેથી શેમ્પૂ, ક્રીમ, ડેવલપર અને માસ્ક મળી કુલ ૪.૪૪ લાખ રૂપિયાની કિંમતનો ૭૭૫ નંગ બનાવટી જથ્થો મળ્યો હતો. જ્યારે પાંચુ મીયાના ડહેલા પાસે આવેલ 'લક્ષ્મી બ્યુટી શોપ'માંથી રીષભ અગ્રવાલ પાસેથી ૨.૪૬ લાખ રૂપિયાની કિંમતનો ૪૪૬ નંગ ડુપ્લીકેટ જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. તમામ પ્રોડક્ટ્સમાંથી સેમ્પલ લઈને લેબોરેટરી ટેસ્ટિંગ માટે મોકલવાની તજવીજ હાથ ધરાઈ છે.મુંબઈના ક્રોફર્ડ માર્કેટ અને નારણપુરા કનેક્શનનો પર્દાફાપોલીસ પૂછપરછમાં આરોપી યશ ઠક્કરે જણાવ્યું હતું કે તે ક્રોફર્ડ માર્કેટ મુંબઈ ખાતે આવેલ નવ્યા એન્ટરપ્રાઈઝિસના માલિક દિનેશ પાસેથી કાલબાદેવીના યશ ટ્રાન્સપોર્ટ મારફતે આ જથ્થો મંગાવતો હતો. જ્યારે રિષભ અગ્રવાલે આ જથ્થો ક્રોફર્ડ માર્કેટના આર.કે. બ્યુટીના માલિક વિજય પાસેથી રૂબરૂ મુંબઈ જઈ ખરીદ્યો હોવાની કબૂલાત કરી હતી. આબંનેવેપારીઓઅમદાવાદના નારણપુરા ખાતે આવેલીક્રિષ્ના એન્ટરપ્રાઈઝના સેલ્સમેન લક્ષ્મણ પાસેથી નકલી માલની ડિલિવરી મેળવી સ્થાનિક ગ્રાહકોને પધરાવતા હતા.

વિકસિત, સશક્ત અને આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે રાષ્ટ્રીય એકતા અને જનભાગીદારી સમયની માંગ : રાષ્ટ્રહિતમાં એકજૂથ થઈને દરેક નાગરિક આગળ આવે

ભારતની વધતી વૈશ્વિક પ્રતિષ્ઠા, વિકાસની ગતિ અને સ્થિરતા જાળવવા માટે સકારાત્મક વિચારસરણી, જાગૃત નાગરિકતા અને મજબૂત રાષ્ટ્રીય એકતા આવશ્યક

ભારત આજે વૈશ્વિક મંચ પર પોતાની આર્થિક ક્ષમતા, ટેકનોલોજીકલ પ્રગતિ, માળખાગત સુવિધાઓના વિકાસ અને આંતરરાષ્ટ્રીય સહભાગિતાના માધ્યમથી એક મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કરી રહ્યું છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન ડિજિટલ સેવાઓ, હાઈવે, રેલવે, હવાઈમથકો, આરોગ્ય સુવિધાઓ, સંરક્ષણ ઉત્પાદન, સ્ટાર્ટઅપ અને આત્મનિર્ભરતા જેવા અનેક ક્ષેત્રોમાં વિકાસને નવી ગતિ આપવાના પ્રયાસો કરવામાં આવ્યા છે.

આવા સમયે, જ્યારે ભારત પોતાની વિકાસયાત્રાને વધુ મજબૂત બનાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે, ત્યારે દરેક નાગરિકની જવાબદારી છે કે તે રાષ્ટ્રીય એકતા, સામાજિક સૌહાર્દ અને બંધારણીય મૂલ્યોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે.

ભારતની પ્રગતિની સાથે વધતી જવાબદારી

કોઈપણ દેશની વાસ્તવિક શક્તિ માત્ર તેની આર્થિક સિદ્ધિઓ કે સૈન્ય ક્ષમતામાં જ નહીં, પરંતુ તેના નાગરિકોની એકતા, લોકશાહી સંસ્થાઓમાં વિશ્વાસ, વૈજ્ઞાનિક અભિગમ અને રાષ્ટ્રનિર્માણમાં તેમની સક્રિય ભાગીદારીમાં રહેલી છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં ભારતે વૈશ્વિક સ્તરે પોતાની ભૂમિકાનો વિસ્તાર કરવા તથા વિવિધ દેશો સાથે આર્થિક અને વ્યૂહાત્મક સંબંધો મજબૂત કરવા માટે નોંધપાત્ર પ્રયાસો કર્યા છે. આ સિદ્ધિઓને આગળ વધારવા માટે જરૂરી છે કે દેશનો દરેક નાગરિક વિકાસ સાથે જોડાયેલા મુદ્દાઓ પર તથ્યોના આધારે વિચાર કરે અને રાષ્ટ્રીય હિત પ્રત્યેની પોતાની જવાબદારી સમજે.

વિપક્ષ અને ઝત્ઁ જેવા સંગઠનો દ્વારા ફેલાવવામાં આવતા ભ્રામક પ્રચાર પ્રત્યે જાગૃત રહો, તથ્યોને પ્રાથમિકતા આપો

આજના ડિજિટલ અને સોશિયલ મીડિયાના યુગમાં કોઈપણ દેશની છબીને અસર કરી શકે તેવી માહિતી ખૂબ જ ઝડપથી ફેલાઈ શકે છે. રાજકીય વિરોધ, વૈચારિક મતભેદો અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધા લોકશાહી જીવનનો એક ભાગ છે, પરંતુ અપ્રમાણિત માહિતી, ભ્રામક દાવાઓ અને સમાજમાં અવિશ્વાસ ફેલાવતા પ્રચારથી સાવચેત રહેવું પણ એટલું જ જરૂરી છે.

ઝત્ઁ જેવા સંગઠનો અથવા કોઈપણ રાજકીય કે વૈચારિક જૂથના દાવાઓનું મૂલ્યાંકન તેમની ઓળખના આધારે નહીં, પરંતુ તેમનાં નિવેદનો, ઉપલબ્ધ પુરાવાઓ અને વાસ્તવિક તથ્યોના આધારે થવું જોઈએ. કોઈપણ સંગઠનની ટીકા હોય કે સરકાર વિરુદ્ધ કોઈ આરોપ, નાગરિકોએ સત્યની ચકાસણી કર્યા વિના નિષ્કર્ષ પર પહોંચવાનું ટાળવું જોઈએ.

રાષ્ટ્રહિતનો અર્થ માત્ર કોઈ એક વિચારધારાનું સમર્થન કરવું નથી, પરંતુ સત્ય, જવાબદારી, કાયદાનું શાસન અને દેશની લાંબા ગાળાની પ્રગતિના પક્ષમાં ઊભા રહેવું છે.

સરકાર સાથે રચનાત્મક સહભાગિતા જ વિકાસનો આધાર

ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું લક્ષ્ય માત્ર સરકારના પ્રયાસોથી પૂર્ણ થઈ શકે તેમ નથી. તેના માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો, ઉદ્યોગજગત, યુવાનો, ખેડૂતો, મહિલાઓ, વૈજ્ઞાનિકો, ઉદ્યોગસાહસિકો અને દરેક નાગરિકની સક્રિય ભાગીદારી આવશ્યક છે.

નાગરિકોએ નીચેની બાબતોનું ધ્યાન રાખવું જોઈએ :

★ દેશની વિકાસ યોજનાઓ અને જનકલ્યાણકારી કાર્યક્રમો પ્રત્યે જાગૃત રહેવું.

★ સરકારી યોજનાઓનો લાભ પાત્ર વ્યક્તિઓ સુધી પહોંચાડવામાં સહયોગ આપવો.

★ સોશિયલ મીડિયા પર કોઈપણ સંવેદનશીલ કે ભ્રામક માહિતી શેર કરતાં પહેલાં તેની સત્યતા તપાસવી.

★ રાજકીય મતભેદો હોવા છતાં સામાજિક સૌહાર્દ અને રાષ્ટ્રીય એકતા જાળવી રાખવી.

★ ભ્રષ્ટાચાર, હિંસા, ભેદભાવ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ વિરુદ્ધ કાયદેસરની રીતે અવાજ ઉઠાવવો.

★ યુવાનોને કૌશલ્ય વિકાસ, રોજગાર, નવીનતા, ઉદ્યોગસાહસિકતા અને રાષ્ટ્રનિર્માણનાં સકારાત્મક કાર્યો સાથે જોડવા.

વર્તમાન સરકારની નીતિઓ અને કાર્યક્રમોનું સમર્થન હોય કે તેનાથી સંબંધિત કોઈ મુદ્દે અસહમતિ, બંને પરિસ્થિતિમાં નાગરિકોએ તથ્યો, બંધારણીય અધિકારો અને લોકશાહી મર્યાદાઓનું પાલન કરવું જોઈએ. રચનાત્મક ટીકા અને જવાબદારી પણ મજબૂત લોકશાહીની આવશ્યક વિશેષતાઓ છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીનું વિકસિત ભારતનું સ્વપ્ન દરેક નાગરિકનો સંકલ્પ બને

ભારતની વૈશ્વિક પ્રતિષ્ઠાને મજબૂત બનાવવાનો સૌથી અસરકારક માર્ગ દેશની અંદર શિક્ષણ, આરોગ્ય, રોજગાર, સંશોધન, પર્યાવરણ સંરક્ષણ, સામાજિક ન્યાય અને આર્થિક તકોને વધુ સારી બનાવવામાં યોગદાન આપવાનો છે. જ્યારે નાગરિકો પોતાની ફરજો નિષ્ઠાપૂર્વક નિભાવે છે અને રાષ્ટ્રીય હિતને વ્યક્તિગત સ્વાર્થથી ઉપર રાખે છે, ત્યારે દેશની વિકાસયાત્રા વધુ મજબૂત બને છે.

આજે જરૂરિયાત એ છે કે આપણે અફવાઓના બદલે તથ્યોને, નફરતના બદલે સૌહાર્દને, નિરાશાના બદલે રચનાત્મકતાને અને ભાગલાના બદલે એકતાને પ્રાથમિકતા આપીએ. ભારતની સિદ્ધિઓ પર ગર્વ કરવાની સાથે તેની ખામીઓને દૂર કરવા માટે પણ નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરીએ.

ચાલો, આપણે સૌ સંકલ્પ લઈએ કે ભારતની એકતા, અખંડિતતા, લોકશાહી પરંપરાઓ અને વિકાસની ગતિને મજબૂત બનાવવા માટે પોતાની ભૂમિકા નિભાવીશું. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં આગળ વધી રહેલા વિકસિત ભારતના લક્ષ્યને સાકાર કરવા માટે નાગરિક સહભાગિતા, સકારાત્મક વિચારસરણી અને રાષ્ટ્ર પ્રત્યેના સમર્પણને પોતાની શક્તિ બનાવીશું.

એકજૂથ નાગરિકો, સશક્ત લોકશાહી અને વિકસિત ભારત — આ જ આપણા ઉજ્જવળ ભવિષ્યનો આધાર છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOG SS 0092
વિષયઃ નવરાત્રી
શીર્ષક :નવલા નવ દિન
પ્રકારઃ પદ્ય શબ્દઃ ૧૦૮

વર્ણન કેમે કરું,
આ અદભૂત દિનના?
દિન રાત મારે ઉજવણી,
પ્રસન્નતા ભર્યા ને ચિંતા વિહિનના.

વર્ષ આખું રાહ જોઉં,
આ નવલા નવ દિન.
શક્તિ સંચરે જગ માંહી,
માનવ થાય ભક્તિમાં લીન.

દીપ અંતરે પ્રગટે,
શ્રધ્ધાના ઉમટે ઘોડાપૂર.
જપ - તપ હોમ - હવનને,
અનુષ્ઠાનોથી ભક્તિ થાય ભરપૂર.

રાત બને રઢિયાળી,
ગરબા માના ગવાય.
ગરબો, માંડવી સજાવી,
ઓરતા અંતરના પૂરાય.

શોધું છું માને ગરબે,
ક્યાંક ઝલક મળી જાય.
રૂપાળામુખ ને આસમાની ચુંદડી,
મારાં અંતરમાંયે સ્થાપિત થાય.

શક્તિરૂપે તું વસે મા,
દુનિયાના દરેક જીવમાં.
સદબુધ્ધિ દે મા અમને,
અંતે ભળીએ અમે પણ શિવમાં.

અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર.
★★★★★★★
NOG SS NO. 215

વિષય :- "શ્રદ્ધનાં દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો"
શીર્ષક :- "સંસ્કૃતિનો વારસો ઝગમગે"
પ્રકાર :- પદ્ય (અછાંદસ)
શબ્દ :- ૭૪.

શ્રદ્ધાના દીપથી સંસ્કૃતિનો વારસો ઝગમગે,
વિશ્વાસ સૌનો અતૂટ છે ના કદી એ ડગમગે.

હર ભક્તોનો પ્રેમ ભર્યો, નાતો ભગવાનથી,
શીશ દરેક નમાવે છે, પ્રભુ સામે સન્માનથી,

ઈશ્વર વસી ગયો છે અમારા સૌની રગે રગે,
શ્રદ્ધાના દીપથી સંસ્કૃતિનો વારસો ઝગમગે.

કોઈ તત્ત્વ છે એવું,નસોમાં લોહી રેલાવે છે,
કોઈ સત્ત્વ છે એવું, સૌનું જીવન ચલાવે છે,

કોઈ પ્રભુત્વ છે એવું, રાહ બતાવે ડગે ડગે,
શ્રદ્ધાના દીપથી સંસ્કૃતિનો વારસો ઝગમગે.

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સૂરત)
★★★★★★★
NOGSS NO : 407
વિષય : શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો
શીર્ષક : નવલી નવરાત્રી
પ્રકાર : ગદ્ય - શબ્દો : ૩૩૯

આપણું આ સૂર્યમંડળ નવ ગ્રહોનું બનેલું છે. આ દેશનાં લોકગીતોમાં ચૂડી, ચૂંદડી કે સાડી નવરંગી એમ ગવાય છે. સ્ત્રી શૃંગારમાં ગળામાં પહેરાવાતો હાર નવલખો કેહવાય છે.

ઈશ્વરની ભેટનાં પ્રતીક સમું મનુષ્યનું બાળક પણ માતાનાં ગર્ભમાં ૯ મહિના ઊછરીને જન્મ લે છે. હિન્દુ સંસ્કૃતિમાં શક્તિસ્વરૂપ માતાને અંબા, ભવાની અને નવદુર્ગાનાં નામે ઓળખાય છે. અને નવચંડીનો યજ્ઞ આપણે દરેક શુભ કાર્ય સમયે કરીએ છીએ.

૯નો આંકડોએ સૌથી મોટી એકમ સંખ્યા છે. અને આપણી સંસ્કૃતિ, સમાજ અને તહેવારોમાં આ આંકનું ખૂબજ માહત્મ્ય છે.

એટલે જ તો નવલી નવરાત્રીનો આ તહેવાર સૌ ભક્તજનો માટે આનંદ, ઉલ્લાસ, ભક્તિભાવ અને શ્રદ્ધાની અભિવ્યક્તિનો તહેવાર બની રહ્યો છે. અને નવરાત્રીની પૂર્ણાહુતિ રૂપે દશેરાએ અધર્મ પર ધર્મ, અભિમાન પર સૌમ્યતા નો વિજય આપણે સૌ હર્ષભેર ઉજવીએ છીએ.

આજે દુનિયાનાં કોઈપણ ખૂણે જોઈએ તો લોકોનાં મનની શાંતિને જાણે કોઈની નજર લાગી છે. ચોતરફ આસુરી શક્તિનો પ્રભાવ છે. ધર્મ, નાતજાત, પરંપરાનાં નામે દરેક દેશનાં મુખિયા ઓ ચરી ખાય છે અને આમાં લોકોની અંધશ્રદ્ધા અને ખોરી માનસિકતા ઉમેરાતા સમાજમાં બધે અરાજકતા અને ઉચાટ ફેલાઈ ગયા છે.

સત્તાલોલૂપ રાજનેતાઓ તો પોતાનો રાજનીતિક રોટલો શેકી લે છે, પણ એમને માનનાર એક મોટો વર્ગ જાણતાં અને અજાણતાં દેશનાં ભાઈચારા અને ધાર્મિક ઉદારતાનાં તાણાવાણા ને કાપી કૂટીને એક માનસિક બીમાર સમાજ ઉછેરી રહ્યો છે.

આ બીમારી આપણા મન, શરીરની સાથે સાથે આપણી વિચારધારા અને સંસ્કૃતિને પણ ઉદ્દંડ અને ઘમંડી, અભિમાની બનાવે છે અને અંતે અધઃપતન તરફ લઈ જાય છે. તેની અસર ઘર, કુટુંબ, ધર્મ અને સમાજનાં દરેક સંબંધને તોડી રહી છે. બધે જ વ્યગ્રતા, ઉગ્રતા અને સ્ટ્રેસની ભરમાર છે.

કળયુગનાં આ તબક્કે આસો મહિનામાં આવતી નવરાત્રી એ એક અક્સિર ઈલાજ રૂપે કામ કરે છે. નવલી નવરાત્રી સામાન્ય લોકો માટે તણાવ દૂર કરનારો અને સર્વત્ર આનંદ, ઉલ્લાસ અને અદમ્ય ઉત્સાહ ફેલાવનારો એક મુખ્ય તહેવાર બની રહ્યો છે અને એટલે જ તો આ તહેવાર આજે વિશ્વભરમાં વધુને વધુ લોકપ્રિય થઈ રહ્યો છે.

મારાં મતે માઁની ભક્તિમાં ધર્મ અને નાતજાતનાં ભેદ ભૂલી જે પ્રજા મન મૂકીને ગરબે રમે છે, ઘૂમે છે, તે દરેકનાં શરીર અને મનનાં વિકારો મસ્તિષ્કથી નીચે ઉતરતાં ગરબાની થિરકનમાં પગ વાટે જમીનમાં ઉતરી જાય છે.

બોલો બોલો શ્રી અંબે માત કી જય.

મનન શાહ, "મનસ"
અમદાવાદ
★★★★★★★
NOG SS NO : 169
વિષય : શ્રધ્ધાના દીપથી પ્રજવલીત સંસ્કૃતિનો વારસો
શીર્ષક : અલૌકિક ઉત્સવ
પ્રકાર : પદ્ય
શબ્દો : ૧૦૧

આવી રે આવી આસોમાસ તણી રાતો, આવો ગરબે ઘૂમીએ,
અખંડ દીવડાંને અજવાળે પ્રગટતું આતમનું તેજ નિહાળીએ.

સજન! આવ્યાં રે આવ્યાં નવલા નોરતાં કેરાં દિવસો,
શ્રદ્ધાના દીપથી પ્રજવલિત રાખીએ સંસ્કૃતિનો વારસો.

મા અંબે ભવાની કેરી આરાધના તનમન ને શ્રદ્ધાથી કરીએ,
ભક્તિભાવે સઘળો પરિવાર જગજનનીને પાયે લાગીએ.

ચોક રે લીપાવી માવડીના મંડપે રૂડાં તોરણીયા બંધાવીએ,
ગબ્બર ગોખથી અંબે માવડી તણી જ્યોત લઈ આવીએ.

માંડવડી પધરાવી ચોકમાં માભવાનીનાં પ્રેમમાં તલ્લીન થઈએ,
ચાલો સજન, સજીધજી સંગાથે, અલૌકિક ઉત્સવ ઉજવીએ.

લતાબેન ચૌહાણ 'સોનાવેલ' (ગોધરા)
★★★★★★★
NOG SS NO : 408
વિષય : - નવરાત્રી : શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વરસો
શીર્ષકઃ માતાના ગરબે મર્યાદા શબ્દોઃ ૧૦૮

બાળાઓના નિર્દોષ રાસમાં, સાક્ષાત્ મા દેખાય છે.
તાળી, તાલના નાદમાં, ભક્તિની જ્યોત ઝળહળે છે.

માના પવિત્ર પર્વમાં, આ વળી કેવો નવો શણગાર?
અંગપ્રદર્શનની હોડમાં, ક્યાં ભક્તિનો અણસાર છે?

નારી છે જગદંબાનું રૂપ, નારી તો શક્તિની શાન,
એના જ ગૌરવને આજે ભૂલવું, સંસ્કૃતિનું અપમાન છે.

નવરાત્રી એ ફેશન નથી, સૌની શ્રદ્ધાનો છે? તહેવાર,
માતાના ચરણોમાં અર્પિત, ભક્તિનો શણગાર છે.

શણગાર કરો, શોભાથી કરો, મર્યાદા રાખીને જ,
સૌદર્ય સાથે સંસ્કારની સુવાસ પણ જરૂરી છે.
નાની બાળાઓના રાસમાં, સંસ્કૃતિનો વારસો જળવાઈ,
વડીલો એનામાંથી જ શીખે, એ સમયનો તકાજો છે.

માતાનો મહિમા જાળવવો, છે સૌની પવિત્ર ફરજ,
માનું ગૌરવ જળવાઈ રહે, "નવીન"ની એટલી જ અરજ.

અરજણભાઈ એસ. પરમાર "નવીન" કોડવાવ (જૂનાગઢ)
★★★★★★★ **NOG SS NO : 334**
વિષય : શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો
શીર્ષક : માનો ગરબો
પ્રકાર : પદ્ય શબ્દો : ૧૦૨

ઢોલના તાલે શેરીમાં રમઝટ બોલાઈ રહી છે,
માડીના ચોકમાં દીવડાની જ્યોત ઝગમગાઈ રહી છે.

ચણિયાચોળીના રંગો આભમાં લહેરાઈ રહી છે,
ઝાંઝરની છમછમ સંગ હવા મહેકાઈ રહી છે.

નવલા નોરતાં આવ્યાંને આશા જીવંત થઈ રહી છે,
નવ દુર્ગાના રૂપે શક્તિ પ્રગટાઈ રહી છે.

હાથે દાંડિયા લઈને જોડી જ્યારે રમી રહી છે,
એક તાલે સૌના હૈયાંની ધડકન જામી રહી છે.

કુમકુમ પગલે માડી આવી ને દુઃખડાં હરાઈ રહ્યાં,
આરતીના સૂરે આખી રાત ગુંજાઈ રહી છે.

નવરાત્રી એટલે નહીં ઉત્સવ, સાધના કહેવાઈ રહી છે,
અંધારે અજવાળું થઈ શ્રદ્ધા સચવાઈ રહી છે.

'સ્નેહદીપ' જોતો રહ્યો માનો ગરબો ઝગમગે,
ને અંબે માત કી જય ચારે દિશા ગજાઈ રહી છે.

મહેશ રાઠોડ 'સ્નેહદીપ ' (અમદાવાદ)
★★★★★★★
Nog Sa No.343
વિષયઃ- શ્રદ્ધાનાં દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો
શીર્ષકઃ- શ્રદ્ધા આસ્થા ભક્તિની સંસ્કૃતિ
પ્રકારઃ- પધ
શબ્દો;-૧૦૦

આ ધરા પર અંકિત થઈ એક સુંદર આકૃતિ,
ઈશ્વરે પોતે કંડારી આ અદ્ભુત પ્રકૃતિ,
પેઢીઓથી વહેતી આવી અમૃત પ્રવાહની જેમ,
પૂર્વજોએ આપી આપણી અમૂલ્ય સંસ્કૃતિ,

આસ્થાના દીવડા પ્રગટે સદા અંતર મહીં,
મંદિરોમાં પૂજાય છે પ્રભુની પ્રતિકૃતિ,
વિચારોના આકાશમાં શબ્દો બનીને જે ખીલે,
ભાવોને સજાવે પ્રાર્થના રૂપે સાચી અભિવ્યક્તિ,

નવલા નોરતામાં ઘૂમે જ્યારે ગરબે નર નારી,
ઢોલના તાલે ઝૂમે છે ખુદ ભારતની
આભાર - નિહારીકા રવિયા સંસ્કૃતિ,
મા ના ગુણગાન ગવાય જ્યાં નવરાત્રીના રંગે,
એ જ છે શક્તિની સાચી શ્રદ્ધા આસ્થા સાથેની ભક્તિ,

કુવિચારોથી બચીને રહીએ સદા જીવનમાં,
ક્યારેય ન સ્પર્શે મનને કોઈ વિકૃતિ,
વારસો છે આ આપણો, ગૌરવથી ખીલતી રહે પ્રકૃતિ,
'ચંદ્ર ' સૂરજની જેમ સદા પ્રજવલિત રહે આપણી સંસ્કૃતિ.
'ચંદ્ર' કાન્ત હરીલાલ માઢક (રાજકોટ)

માઁ કાલરાત્રિ જે રાતને પણ ડર લાગે છે,જ્યાં માઁ નું સૌથી ભયાનક રૂપ એ જ સૌથી મોટું રક્ષા કવચ બને છે

આજે અને આવતી કાલે સાતમનો દિવસ એટલે સાતમું નોરતું.આઠમ સોમવારે ઉજવાશે તો આજે જોઈએ તો આપણે બધા અજવાળાને પ્રેમ કરીએ છીએ. દીવો, સૂરજ, ચંદ્ર - બધું અજવાળું ગમે. પણ રાતથી ડરીએ છીએ. કાળીરાત,અમાસની રાત,સ્મશાનની રાત.નામ સાંભળતા જ ભય લાગે.

પણ શું તમે ક્યારેય વિચાર્યું છે કે જે અંધારાથી તમે ડરો છો, તે અંધારું કોનાથી ડરે છે?અંધારું પણ એક શક્તિથી ડરે છે, અને તે શક્તિનું નામ છે માઁ કાલ રાત્રિ.

નવરાત્રીના પહેલા છ દિવસ માઁ એ ખૂબ જ સુંદર રૂપ ધારણ કર્યા. ક્યારેક પર્વતની દીકરી બની, ક્યારેક તપસ્વિની બની, ક્યારેક ચંદ્ર જેવી સૌમ્ય બની. પણ સાતમા નોરતે માઁ એ પોતાનું બધું સૌંદર્ય છોડી દીધું અને સૌથી ભયાનક રૂપ ધારણ કર્યું. કેમ?કારણ કે દુશ્મન હવે સુંદરતાથી નહીં ડરે,દુશ્મનને ડરાવવા માટે ભયાનક બનવું પડે.

જ્યારે ડોક્ટરને ઓપરેશન કરવું હોય ત્યારે તે સફેદ કોટ પહેરીને નથી કરતો, તે લોહીવાળા કપડા પહેરે છે. એવી જ રીતે જ્યારે માં ને આપણા જીવનના સૌથી ગંદા રાક્ષસોને મારવા હોય, ત્યારે તે કાલરાત્રિ બને છે.

સાતમું નોરતું એટલે આપણા જીવનની સૌથી કાળી રાતને માઁ ના ચરણોમાં મૂકવાનો દિવસ. જે રાત તમને ડરાવે છે, તે રાતને માઁ ને સોંપી દો, માઁ તે રાતનો પણ નાશ કરી દેશે.

માં કાલરાત્રિની કથા સાંભળતા જ રૂંવાડા ઉભા થઈ જાય.એક રાક્ષસ હતો રક્તબીજ. તેને વરદાન હતું કે તેના શરીરમાંથી લોહીનું એક ટીપું પણ જમીન પર પડશે, તો તે ટીપામાંથી બીજો રક્તબીજ પેદા થશે. દેવતાઓએ તેની સામે યુદ્ધ કર્યું, તેના શરીરમાંથી લોહી નીકળ્યું અને લાખોરક્તબીજ પેદા થઈ ગયા.બધા દેવતાઓ હારી ગયા.

ત્યારે માં દુર્ગાએ પોતાની ભ્રમરમાંથી કાલરાત્રિને પ્રગટ કર્યા. કાલરાત્રિએ એવું ભયાનક રૂપ ધારણ કર્યું કે રાક્ષસો પણ ડરી ગયા. તેમણે પોતાનું મોઢું એટલું મોટું કર્યું કે આખું બ્રહ્માંડ સમાઈ જાય. અને જેવું રક્તબીજનું લોહી નીકળે, તે જમીન પર પડે તે પહેલા જ માઁ કાલરાત્રિ તેને પી જતા. આ રીતે લોહી જમીન પર પડ્યું જ નહીં અને રક્તબીજનો નાશ થયો.

આ કથા શું કહે છે? આપણા જીવનમાં પણ એક રક્તબીજ છે. તેનું નામ છે નકારાત્મક વિચાર. એક ખરાબ વિચાર આવે છે - હું નિષ્ફળ જઈશ. આ વિચારમાંથી બીજો વિચાર નીકળે છે - લોકો શું કહેશે. બીજામાંથી ત્રીજો - હું કંઈ જ નથી કરી શકતો. આમ એક નકારાત્મક વિચારમાંથી હજારો વિચારો પેદા થાય છે અને આપણું મન ભરાઈ જાય છે.

આ રક્તબીજને કોઈ સામાન્ય દવા મારી શકતી નથી. તેને માત્ર માઁ કાલરાત્રિ જ મારી શકે છે. તે આપણા ખરાબ વિચારોને જમીન પર પડતા પહેલા જ પી જાય છે.

માઁ કાલરાત્રિનું વર્ણન વાંચીને પહેલી વાર ડર લાગે.તેમનો વર્ણ એકદમ કાળો છે, જેવો અંધારી રાત. વાળ વિખરાયેલા છે, જાણે વાવાઝોડું આવ્યું હોય. ગળામાં વીજળીની જેમ ચમકતી માળા છે. ત્રણ આંખો છે જે બ્રહ્માંડને જુએ છે. નાકમાંથી અને શ્વાસમાંથી અગ્નિ નીકળે છે. વાહન ગધેડું છે, જે સૌથી વધુ સહનશીલ પ્રાણી છે.ચાર હાથ છે.એક હાથમાં કટાર, બીજામાં લોખંડનો કાંટો,ત્રીજો હાથ અભય મુદ્રામાં અને ચોથો વરદ મુદ્રામાં.પણ આ ભયાનક રૂપની પાછળ શું છે? શુભંકરી.

શાસ્ત્રોમાં માઁ કાલરાત્રિને શુભંકરી પણ કહે છે. એટલે કે જે હંમેશા શુભ જ કરે છે. તે ભયાનક દેખાય છે, પણ તેનું દરેક કાર્ય શુભ માટે છે. જેમ ડોક્ટર ઓપરેશન વખતે ભયાનક લાગે, પણ તેનું કામ તો દર્દીને બચાવવાનું જ હોય.

તે ગધેડા પર કેમ સવાર છે? કારણ કે ગધેડો એટલો સહનશીલ છે કે ગમે તેટલો ભાર મૂકી દો, તે ચાલ્યા કરે. માં કાલરાત્રિ પણ આપણા પાપોનો ગમે તેટલો ભાર હોય, તે ઉઠાવી લે.

યોગશાસ્ત્રમાં કહ્યું છે કે સાતમા નોરતે સાધકનું સહસ્ત્રાર ચક્ર ખુલવાની શરૂઆત થાય છે. આ ચક્ર માથાની ટોચ પર હોય છે. આ ચક્ર ખુલે એટલે વ્યક્તિ કાળથી પર થઈ જાય. તેને મૃત્યુનો ડર નથી લાગતો.

કાલરાત્રિ એટલે શું? કાલ એટલે સમય અને મૃત્યુ, રાત્રિ એટલે રાત. જે સમય અને મૃત્યુની રાતનો પણ નાશ કરે તે કાલરાત્રિ.

આપણે શેનાથી ડરીએ છીએ? મૃત્યુથી, સમય બગડી જશે એનાથી, ભવિષ્ય શું થશે એનાથી. આ બધા જ કાળના ડર છે.

માઁ કાલરાત્રિ કહે છે - તું કાળથી ડરીશ નહીં, હું કાળની પણ કાળ છું. શનિ, રાહુ, કેતુ - બધા ગ્રહો પણ કાલરાત્રિ સામે માથું નમાવે છે. જેની કુંડળીમાં કાળસર્પ દોષ હોય, શનિની સાડાસાતી હોય, તેના માટે સાતમા નોરતાની પૂજા એ અમૃત સમાન છે.

મનોવિજ્ઞાન કહે છે કે માણસના મનમાં બે પ્રકારનો ડર હોયજાણીતો ડર અને અજાણ્યો ડર. જાણીતા ડરથી તો આપણે લડી લઈએ, પણ અજાણ્યો ડર - રાતનો ડર, ભૂતનો ડર, ભવિષ્યનો ડર - તે સૌથી ખતરનાક હોય. માં કાલરાત્રિ આ અજાણ્યા ડરને જ મારે છે.

ભૂત, પ્રેત, નજર દોષ અને તંત્ર-મંત્ર થી મુક્તિઃઆ દિવસનું સૌથી મોટું મહાત્મ્ય ભયથી મુક્તિ છે. જો તમને લાગતું હોય કે તમારા ઘરમાં કોઈ નકારાત્મક શક્તિ છે, બાળક વારંવાર ડરી જાય છે, ઘરમાં કંકાસ થાય છે, કોઈએ કંઈ કરાવ્યું હોય એવું લાગે છે,તો માઁ કાલરાત્રિ ની પૂજાથી બધું જ ખતમ થઈ જાય છે. તેમના નામથી જ ભૂત-પ્રેત દૂર ભાગે છે.

શનિ અને ગ્રહ દોષથી મુક્તિઃ★ માઁ કાલરાત્રિને શનિની દેવી પણ માનવામાં આવે છે. જે લોકોને શનિની સાડાસાતી, ઢૈયા કે કાલસર્પ દોષ હોય, તેમણે સાતમા નોરતે કાળા તલનો દીવો કરીને માઁ ની પૂજા કરવી જોઈએ. તેમના બધા ગ્રહ દોષ દૂર થઈ જાય છે. માઁ ની કૃપાથી શનિ પણ શુભ ફળ આપવા લાગે છે.

અંદરના રક્તબીજનો નાશઃઆપણા મનમાં જે નકારાત્મક વિચારો વારં વાર આવે છે.હું નકામો છું, મારાથી કંઈ નહી થાય, બધા મારા દુશ્મન છે આવા વિચારો એ જ રક્તબીજ છે. માઁ કાલરાત્રિની સાધના કરવાથી આ વિચારોનો નાશ થાય છે અને મનમાં સકારાત્મકતા આવે છે. ડિપ્રેશનમાં રહેલા લોકો માટે આ દિવસની પૂજા ખૂબ જ લાભદાયી છે.

અચાનક આવતી દુર્ઘટનાથી રક્ષણઃકાલરાત્રિ અકસ્માત, અકાળ મૃત્યુ અને અચાનક આવતીઆફતો થી રક્ષણ કરે છે. જે લોકો વાહન ચલાવે છે, જે લોકો જોખમી કામ કરે છે, તેમણે માઁ કાલરાત્રિને હંમેશા યાદ રાખવી જોઈએ.

કચ્છમાં કાલરાત્રિનું સ્વરૂપ એટલે આશાપુરા માઁ નું ઉગ્ર સ્વરૂપ.

માતાના મઢની એક પ્રાચીન કથા છે. એક વખત દરિયામાં ભયાનક તોફાન આવ્યું. મોટા મોટા વહાણો ડૂબવા લાગ્યા. માછીમારોએ માં આશાપુરાને યાદ કર્યા. ત્યારે માં એ કાળા વાદળ જેવું ભયાનક રૂપ ધારણ કર્યું અને દરિયાના તોફાનને પી ગયા. તે દિવસથી કચ્છના ખલાસીઓ સાતમા નોરતે માં કાલરાત્રિની પૂજા કરીને જ દરિયામાં જાય છે.

કચ્છના ૨૦૦૧ના ભૂકંપમાં પણ લોકોએ અનુભવ્યું હતું. જે લોકો માં કાલરાત્રિની પૂજા કરતા હતા, તેમના ઘર પડી ગયા હોવા છતાં તેમનો જીવ બચી ગયો. કારણ કે કાલરાત્રિ એટલે કાળનો પણ નાશ કરનારી.

કચ્છની સ્ત્રીઓ સાતમા નોરતે ઘરના દરવાજા પર કાજળથી નાની આંખ બનાવે છે,જેને ×કાળી માતાની આંખ× કહે છે. માન્યતા છે કે આ આંખ ઘરને ખરાબ નજરથી બચાવે છે.

રંગ અને ભોગઃઆજનો રંગ કાળો કે ઘેરો વાદળી. જોકે કાળા વસ્ત્રો પહેરવા ફરજિયાત નથી, તમે વાદળી પહેરી શકો છો. માં ને ગોળનો ભોગ સૌથી પ્રિય છે. ગોળ એટલે મીઠાશ જે કડવાશને દૂર કરે. ગોળનો ભોગ લગાવીને ગરીબોને વહેંચો.મંત્ર અને પૂજાઃ★ સાંજના સમયે પૂજા કરવી વધુ લાભદાયી છે. સરસવના તેલનો દીવો કરો, કારણ કે સરસવનું તેલ નકારાત્મક શક્તિને દૂર કરે છે.મુખ્ય મંત્ર -×? દેવી કાલરાત્ર્યૈ

રક્ષા મંત્ર - કાલરાત્રી રૂપેણ સંસ્થિતાનમસ્ત

આભાર - નિહારીકા રવિયા નમસ્ત નમસ્તઆશાપુરા મંત્ર - ×? હી આશાપુરા?? કાલરાત્રી સ્વરૂપા×★ આ મંત્રનો ૧૦૮ વાર જાપ કરો. જાપ કરતી વખતે એક લીબુને હાથમાં રાખો અને પછી તે લીબુને ચાર રસ્તા પર મૂકી આવો. માન્યતા છે કે તેની સાથે તમારી નકારાત્મકતા પણ જતી રહે છે.સૌથી મોટી પૂજાઃ આજના દિવસે તમારા મનમાંથી એક ડરને કાઢો. કાગળ પર લખો - હું શેનાથી ડરું છું? અને તે કાગળને માઁ ની સામે બાળી નાખો. કહો - માઁ, આજથી આ ડર તારો, હું તારો.

અને એક દીવો તમારા ઘરના મુખ્ય દરવાજા બહાર મૂકો, જેથી કોઈ નકારાત્મક શક્તિ ઘરમાં પ્રવેશી ન શકે.કાળી રાત વગર સવાર ન પડે

યાદ રાખો, કાલરાત્રિ પછી જ મહાગૌરી આવે છે. એટલે કે સૌથી કાળી રાત પછી જ સૌથી ઉજળી સવાર આવે છે.જો તમારાજીવનમાં અત્યારે કાળી રાત ચાલી રહી હોય, તો ડરશો નહીં. આ કાલરાત્રિ છે. માં તમારી પરીક્ષા લઈ રહી છે. આ રાત પૂરી થશે અને પછી મહાગૌરી જેવી સવાર આવશે.

માઁ કાલરાત્રિ ભયાનક નથી, તે ભયનો નાશ કરનારી છે. તે કાળી નથી, તે કાળને ખાનારી છે.

તો આ સાતમા નોરતે ડરો નહીં, માં ને કહો - માઁ , હું તારો બાળક છું, હવે તું જ મારા કાળને સંભાળ.

? કાલરાત્ર્યૈ નમો નમઃ! જય આશાપુરા

યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ બનાસકાંઠા

ડાંગ જિલ્લાની RBSK ટીમની પ્રશંસનીય કામગીરી: સાપુતારા એકલવ્ય શાળાના ૧૯ વર્ષીય વિદ્યાર્થીની હૃદયની જટિલ સર્જરી સફળ રહી

આહવા : તા : ૧૬: રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અંતર્ગત કાર્યરત 'રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ' (ઇમ્જીદ્ધ) ડાંગ જિલ્લાના છેવાડાના વિસ્તારોમાં બાળકો અને યુવાનો માટે સંજીવની સમાન સાબિત થઈ રહ્યો છે. તાજેતરમાં ડાંગ જિલ્લાની ઇમ્જીદ્ધ ટીમે ૧૯ વર્ષીય આદિવાસી યુવકના હૃદયની ગંભીર બીમારીનું સમયસર નિદાન કરાવી સફળ શસ્ત્રક્રિયા કરાવી નવજીવન બક્ષ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર, ડાંગ જિલ્લાની સાપુતારા સ્થિત 'પીએમ-શ્રી એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ'માં અભ્યાસ કરતા ૧૯ વર્ષીય વિદ્યાર્થી શ્રી શંકર અમૃત ચૌહાણનું ઇમ્જીદ્ધ ટીમ દ્વારા નિયમિત આરોગ્ય તપાસણી દરમિયાન પરીક્ષણ



કરવામાં આવ્યું હતું. પ્રાથમિક તપાસમાં શંકાસ્પદ લક્ષણો જણાતાં વધુ તપાસ માટે તેને સંદર્ભિત (ઈકીકી) કરવામાં આવ્યો હતો. જ્યાં તબીબી તપાસમાં યુવકના હૃદયમાં ૨.૫ સે.મી.ની એએસડી (છેંક્ટ્રિક્ષ જીંક્ટ્રિક્ષ ઢીકીષ્ઠ - હૃદયમાં કાણું) હોવાનું નિદાન થયું હતું.

નિદાન બાદ યુવકને તાત્કાલિક શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર, ધરમપુર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં નિષ્ણાત કાર્ડિયાક સર્જનોની દેખરેખ હેઠળ તેની 'છજીદ્ધ સર્જિકલ ક્લોઝર' સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. સર્જરી બાદ તાજેતરમાં કરવામાં આવેલા ફોલોઅપ રદ્ધ ઈષ્ઠર્ર રિપોર્ટમાં હૃદયનો પેચ સંપૂર્ણપણે યોગ્ય સ્થિતિમાં હોવાનું અને કોઈ ક્ષતિ ન રહી હોવાનું સામે આવ્યું છે. દર્દીની ઉત્તમ રિકવરી જોઈને નિષ્ણાત તબીબોએ સર્જરી બાદની દવાઓ બંધ કરી, ત્રણ મહિના પછી નિયમિત તપાસ માટે બોલાવ્યા છે.



નવરાત્રીનું પાવન પર્વ ચાલી રહ્યું છે વરુણ સોસાયટી માં પણ ગરબાની રમઝટ ચાલી રહી છે અહીં ની ખાસિયત રહી છે કે છેલ્લા ૫૫ વર્ષથી અવિરત ગરબાનુ આયોજન કરવામાં આવે છે

NIFT CHHAAP@Sabarmati 2026 ભારતની સમૃદ્ધ હસ્તકલા વિરાસત, સર્જનાત્મકતા અને સમકાલીન ડિઝાઇનનો આઠ દિવસીય મહોત્સવ



નેશનલ ઈન્સ્ટિ ટ્યૂટ ઑફ ફેશન ટેક્નો લોજી ગાં ધી નગર દ્વારા અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ સ્થિ ત ઈવેન્ટ સેન્ટર છ ખા તે ૨૩ થી ૩૦ ઑક્ટો બર, ૨૦૨૬ દરમિયાન૨૦૨૬નું આયોજન કરવામાં આવશે. આ આઠ દિવસીય મહોત્સવ ભારતની સમૃદ્ધ હસ્તકલા વિરાસત, સર્જનાત્મકતા અને સમકાલીન ડિઝાઈનની ઉજવણી કરશે.

એક વિશિષ્ટ પહેલ છે, જે ભારતની કલા, વસ્ત્ર પરંપરા, હસ્તકલા અને સાંસ્કૃતિક વારસા પ્રત્યેની સહિયારી સમજ અને પ્રશંસા દ્વારા કારીગરો, ભૂતપૂર્વ વિદ્યાર્થી ઓ, વર્તમા ન વિદ્યા ર્થીઓ, ડિઝાઈનરો અને સામાન્ય જનતાને એક મંચ પર લાવે છે. અમદાવાદમાં યોજાનારી આ આ વૃત્તિમાં ૧૦૦થી વધુ કારીગરો અને ડ્રેંહ્લના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સ્ટોલ, ડ્રેંહ્લ થીમ પેવેલિયન, ડ્રેંહ્લ કાફ્ટ ક્લસ્ટર ઈનિશિયેટિવ અને આઉટરીચ પ્રદર્શનો, હસ્તકલા પ્રદર્શનો, જીવંત નિદર્શન, પ્રાયોગિક કાર્યશાળાઓ, માસ્ટ રક્લા સ, પેનલ ચર્ચાઓ, હસ્તકલા સંવાદો, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા ટેક્નો લો જી આ ધા રિત અનુભવો રજૂ કરવામાં આવશે.

આ પહેલનો હેતુ પરંપરાગત હસ્તકલાને વધુ વ્યા પક ઓળખ અપાવવાનો, કારીગરો અને ગ્રાહકો વચ્ચે સીધો સંપર્ક વધારવાનો તથા નવી નતા, ઉદ્યોગસાહસિકતા અને ડિઝાઈન આ ધા રિત વિકાસની તકોને ઉજાગર કરવાનો છે. કારીગરો અને સમકાલીન સર્જનાત્મક ક્ષેત્રના નિષ્ણા તોને એકસાથે લાવીનેં જ્ઞાનના આદાન-પ્રદાન, પરંપરાગત કૌશલ્યો ના હસ્તાં તરણ અને ભારતના હાથવણાટ તથા હસ્તકલા ક્ષેત્રો માટે નવી શક્યતા ઓ ની શોધ મા ટેનું મંચ પણ પૂરું પાડશે.

ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત અને ભવિષ્ય માટેની આ કાંક્ષાઓ વચ્ચે અર્થપૂર્ણ સંવાદ સ્થા પિત કરવા ની દૃષ્ટિને પ્રતિબિંબિત કરે છે. સાબરમતી રિવરફ્રન્ટ અને ઐતિહાસિક અટલ બ્રિજની પૃષ્ઠભૂમિમાં યોજાનારો આ કાર્યક્રમ ભારતની જીવંત હસ્તકલા પરંપરાઓ ને પ્રદર્શિત કરવા, કારીગર સમુદાયોને પ્રોત્સાહન આપવા તથા પરંપરાગત જ્ઞાનને સમકાલીન ડિઝાઈનની સમજ સાથે જોડવા માટે એક આકર્ષક મંચ પૂરું પાડશે.

ભારતની સર્જનાત્મક વિરાસતની ઉજવણી કરતા દસ વિશિષ્ટ અનુભવો

વિશેષ રીતે તૈયાર કરાયેલા કાર્યક્રમો ની શ્રેણી રજૂ કરવામાં આવશે. દરેક કાર્યક્રમ ભારતની હસ્તકલા અને ડિઝાઈનની વૈવિધ્યસભર દુનિયાને અનુભવવાની એક અનોખી તક પૂરી પાડશે.૧. કલા સંધ્યા - ઉદ્ઘાટન સમારોહની વિશિષ્ટ ઉજવણી

૨. ૨૩ ઑક્ટો બરની સાંજે યોજાનારી આ ઉદ્ઘાટન ઉજવણી માં દેશભક્તિ, સાંસ્કૃતિક અભિવ્યક્તિ, વસ્ત્ર વિરાસત અને સમકાલીન ડિઝા ઈનનો સુંદર સમન્વય જોવા મળશે. ગુજરાત પોલીસ બેન્ડ દ્વારા વંદે માતરમ્ની રજૂઆત, સાબરમતી આરતી, ભારતની વસ્ત્ર પરંપરાથી પ્રેરિત વિશેષ ફેશન શો અને ડ્રોન શો આ કાર્યક્રમનાં મુખ્ય આકર્ષણો રહેશે.૩. કલા પ્રદર્શન – હસ્તકલા પ્રદર્શન અને બજાર

મુલાકાતીઓને કારીગરો પાસેથી સીધાં હાથવણા ટ અને હસ્તકલા ની વસ્તુઓ નિહાળવા ની તથા ખરીદવા ની તક મળશે. આ માધ્યમથી તેઓ ભારતની હસ્ત નિર્મિત પરંપરાઓ ની વિવિધતા અને દરેક કૃતિ પાછળ જો ડાયેલી વાર્તાઓને જાણી શકશે.

૩. કલા પ્રત્યક્ષમ્ - જીવંત હસ્તકલા નિદર્શન અને પ્રાયોગિક કાર્યશાળાઓ

કુશળ કારીગરો પરંપરાગત કળા અને તકનીકોનું જીવંત નિદર્શન કરશે. મુલાકાતીઓને સૌ દાગી રી બ્લો ક પ્રિન્ટિંગ, બ્લુ પોટરી, માટીકામ, પેપર માશે અને લાખની બંગડીઓ બનાવવા ની કળા જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની તક મળશે.૪. કલા વિવેચના – પેનલ ચર્ચાઓ

વિચારપ્રેરક ચર્ચા ઓ દ્વારા સાંસ્કૃતિક વિરાસત, ડિઝાઈન, વિકાસ, હસ્ત કલા ની ઓળખ અને સમકાલીન બજારમાં ઉપલબ્ધ તકો વચ્ચે ના બદલાતા સંબંધો પર વિચારવિમર્શ કરવામાં આવશે.

૫. કલા દર્શન – હસ્તકલાના ઇમર્સિવ અનુભવો

વર્ચ્યુઅલ રિયાલિટી આધારિત અનુભવો દ્વારા મુલાકાતીઓ ટેક્નો લોજી ના માધ્યમથી ભારતની હસ્તકલા વિરાસતને વધુ નજીકથી જાણી અને અનુભવી શકશે.

૬. કલા વાર્તા – હસ્તકલા સંવાદો

આ મંચ પર કારીગરો, ડિઝા ઈનરો, વ્યવસાયિક ક્ષેત્રના નિષ્ણા તો અને વિષયના જાણકારો પરંપરાગત કૌશલ્યો, સામગ્રી, કારીગરી અને સર્જનાત્મક પદ્ધતિઓ અંગે પોતાનું જ્ઞાન, અનુભવો અને વિચારો રજૂ કરશે.ભારતની પરંપરાગત હસ્તકલા અને વસ્ત્ર પરંપરાઓમાં પેઢી દર પેઢી સંચિત થયેલું જ્ઞાન, કુશળતા, સર્જનાત્મકતા અને સાંસ્કૃતિક અભિવ્યક્તિ સમાયેલી છે.

ગુજરાત એક્સ પોલીસ એસોસિએશને દિવ્યાંગ વ્યક્તિઓને સ્પોર્ટ્સ કિટ્સ (રમતગમતની સામગ્રી)નું વિતરણ કર્યું



ગુજરાત એક્સ પોલીસ એસોસિએશને અમદાવાદના વસ્ત્રાપુર ખાતે આવેલી 'બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશન (ઇન્ડિયા)માં દિવ્યાંગ વ્યક્તિઓને સ્પોર્ટ્સ કિટ્સનું વિતરણ કર્યું.

આ પ્રસંગે ગુજરાત એક્સ પોલીસ એસોસિએશનના પ્રમુખ શ્રી એસ. એસ. ખંડવાવાલા, ઉપપ્રમુખ શ્રી એમ. ઓ. ખિમાની અને મહામંત્રી શ્રી એલ. પી. સોલંકી તેમજ એસોસિએશનના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા, જેમણે વિદ્યાર્થીઓને સ્પોર્ટ્સ કિટ્સ અર્પણ કરી હતી.

આ પ્રસંગે 'બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશન (ઇન્ડિયા)'ના મહામંત્રી ડૉ. ભૂષણ પુનાની અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રીમતી નંદિની રાવલ પણ ઉપસ્થિત હતા.

આ વિચારપૂર્ણ પહેલ દિવ્યાંગ વ્યક્તિઓ માટે રમતગમતને પ્રોત્સાહન આપવા, સમાવેશી વાતાવરણ ઊભું કરવા અને ેહ સમાન તકો પૂરી પાડવા પ્રત્યે એસોસિએશનની પ્રતિબદ્ધતા દર્શાવે છે. સ્પોર્ટ્સ કિટ્સનું આ વિતરણ લાભાર્થીઓને રમતગમતની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા, તેમની ક્ષમતાઓ વિકસાવવા અને ટીમવર્ક તથા ખેલદિલીની ભાવનાનો આનંદ માણવા માટે પ્રોત્સાહિત કરશે.

'બ્લાઇન્ડ પીપલ્સ એસોસિએશન (ઇન્ડિયા) આ ઉદાર પહેલ બદલ અને દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણમાં આપેલા મૂલ્યવાન સહયોગ બદલ ગુજરાત એક્સ પોલીસ એસોસિએશનનો હૃદયપૂર્વક આભાર માને છે.

ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિનું નામ નક્કી કરવા કોકડું ગુંચવાયું, ભાજપ-સંઘ વચ્ચે ખેંચતાણ

ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિની નિમણૂકને લઈને ભાજપ અને સંઘ વચ્ચે ખેંચતાણ ચાલી રહી છે. પૂર્વ કુલપતિ સામે ભ્રષ્ટાચારના આક્ષેપો અને આંતરિક વિખવાદે મામલો ગૂંચવ્યો છે. સંઘ સૂચિત નામ ભાજપને અસ્વીકાર્ય હોવાથી નવા કુલપતિની પસંદગીમાં વિલંબ થયો છે. ૭૫ વર્ષના ઇતિહાસમાં પ્રથમવાર પૂર્વ કુલપતિ સામે જાહેર ફરિયાદ મંચ ઉભું કરાયું છે.ગુજરાત યુનિવર્સિટી સહિતની સરકારી યુનિયુનિવર્સિટીઓમાં વર્ષોથી કુલપતિની નિમણૂંક સંઘ દ્વારા અપાતા નામોથી જ થતી આવી છે. પરંતુ હવે ભાજપને સંઘ દ્વારા અપાતું નામ-ઉમેદવાર પસંદ ન હોવાની ચર્ચાએ શિક્ષણ જગતમાં જોર પકડ્યું છે. ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિને લઈને છેલ્લા કેટલાક દિવસોથી



વિવાદ ચાલી રહ્યો છે, ત્યારે પૂર્વ કુલપતિની નિમણૂંક સંઘની સૂચનાથી થઈ હોઈ હવે નવા કુલપતિની નિમણૂંકને લઈને કોકડું ગૂંચવાયું છે. કારણકે સંઘ દ્વારા જે નામ સૂચવાયું છે તે ભાજપને સ્વીકાર્ય નથી અને બીજી બાજુ ભાજપ અન્ય પોતાના ઉમેદવારની નિમણૂંક કરવા માંગે છે. આ દરમિયાન પૂર્વ કુલપતિ સામે ઊભા થયેલા આક્ષેપો-ફરિયાદો મુદ્દે પણ ભાજપમાં જ આંતરિક વિખવાદ જોવા મળી રહ્યો છે.સર્ચ કમિટીએ ત્રણ નામો આપ્યાને પણ ઘણો સમય થઈ ગયો પરંતુ આંતરિક વિખવાદ-રાજકારણવચ્ચેવિલંબગુજરાત યુનિવર્સિટીના પ્રથમ મહિલા કુલપતિની ટર્મ ૩૦મી જૂને પૂરી થઈ હતી અને ત્યાં સુધી સરકારે સર્ચ કમિટીની પ્રક્રિયા ન કરી હોવાથી નવા કુલપતિની નિમણૂંકને લઈને વિલંબ થઈ રહ્યો છે. ડૉ. નિરજા ગુપ્તાની ટર્મ પૂરી થયા બાદ સરકારે ઈન્ચાર્જ કુલપતિ તરીકે જગદીશ જોશીને મુક્યા હતા અને ત્યારબાદ શરૂ થઈ વીસી વૉર. પૂર્વ કુલપતિ સામે એક પછી એક ભ્રષ્ટાચાર-નાણાકીય ગેરરીતિની ફરિયાદો આવી રહી છે અને તપાસ માટે નિમાયેલા પૂર્વ હાઈકોર્ટ જજની તપાસવચ્ચેપણયુનિયુનિવર્સિટીમાંથી ઈન્ટરનલ ડોક્યુમેન્ટ્સ બહાર આવી રહ્યા છે અથવા તો બહાર લાવવામાં આવી રહ્યા છે. કારણકે મળતી માહિતી મુજબ પૂર્વ કુલપતિ સામે ભાજપમાં જ આંતરિક વિખવાદ જોવા મળી રહ્યો છે. સત્તામંડળના જ કેટલાક સભ્યો પૂર્વ કુલપતિ સામે પડ્યા હોઈ અને મળતી માહિતી મુજબ ઉપરથી આ મુદ્દે દોરીસંચાર પણ થઈ રહ્યો છેબદલાની આ રાજનીતિ વચ્ચે ગુજરાત યુનિયુનિવર્સિટીના ૭૫ વર્ષના ઇતિહાસમાં ન જોવા મળેલી ઘટના રૂપે પ્રથમવાર પૂર્વ કુલપતિ સામે જાહેર ફરિયાદ મંચ ઉભું કરાયું છે. લંકાના વિભીષણ સમાન કેટલાક લોકો પૂર્વ કુલપતિની વિરૂદ્ધમાં પુરાવા એકત્ર કરવામા લાગ્યા છે. અગાઉ પણ અનેક ફરિયાદો ઉઠી છે અને મોટા કૌભાંડો થયા છે.

અમદાવાદમાં આમ જનમત પાર્ટીનું ૨૫૦ કરોડનું ટેક્સ ચોરી કૌભાંડ, કાગળ પર પાર્ટી બનાવી ડોનેશન લેતા, ૭ સામે ફરિયાદ

અમદાવાદમાં 'આમ જનમત પાર્ટી'ના નામે ૨૫૦ કરોડનું બોગસ ડોનેશન કૌભાંડ સામે આવ્યું છે. ઈન્કમ ટેક્સ વિભાગની તપાસમાં ખુલાસો થયો કે, પક્ષના હોદ્દેદારો અને ઝછએ મોટા કરદાતાઓને ૧૦૦% ટેક્સ કપાતનો લાભ અપાવી, બોગસ કંપનીઓ દ્વારા રોકડ પરત કરી સરકારી તિજોરીને કરોડોનું નુકસાન પહોંચાડ્યું. આ મામલે ફરિયાદ દાખલ થઈ છે.અમદાવાદમાં ફરી એક રાજકીય પાર્ટીનું મસમોટું કૌભાંડ સામે આવ્યું છે. જેમાં આમ જનમત પાર્ટી નામના માત્ર કાગળ પર અસ્તિત્ત્વ ધરાવતા રાજકીય પક્ષે તેના હોદ્દેદારો અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ સાથે મળીને બોગસ ડોનેશન તથા ખોટા ખર્ચાઓ દર્શાવી ૨૫૦ કરોડ રૂપિયાથી વધુનું કૌભાંડ કર્યું છે. ઈન્કમ ટેક્સ વિભાગની તપાસમાં ખૂલ્યું છે કે વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-



૨૪ દરમિયાન આ પાર્ટીના બેંક ખાતામાં ૮૪૩,૯૭,૪૩,૭૯૩ રૂપિયાથી વધુના શંકાસ્પદ વ્યવહારો થયા હતા. જેમાં મોટા કરદાતાઓને ૧૦૦% ટેક્સ કપાતનો લાભ અપાવી બોગસ કંપનીઓ અને આંગડિયા પેઢીઓ મારફતે પોતાનું કમિશન કાપીને મૂળ રકમ રોકડમાં પરત કરવામાં આવતી હતી. આ ટેક્સ ચોરી કૌભાંડ મામલે ઈન્કમ ટેક્સ વિભાગના આસિસ્ટન્ટ કમિશનર દ્વારા તમામ સંડોવાયેલા આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.આમ જનમત પાર્ટી જેનો નોંધણી નં. ૫૬/૨૪૬/૨૦૧૯ૅજી-૧ અને તેના હોદ્દેદારોએ ભેગા મળીને સરકાર અને ઈન્કમ ટેક્સ વિભાગ સાથે છેતરપિંડી કરવા માટે એક મોટું કાવતરું રચ્યું હતું. આ કૌભાંડમાં પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ગૌરવ વાય. મિશ્રા, ખજાનચી ધર્મેન્દ્ર વૈષ્ણવ, વ્યવસ્થાપક દિનેશકુમાર જૈન અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ મયૂરસિંહ રાઠોડ, પ્રણવ શાહ તથા આકાશ સોની સામેલ હતા. આ તમામ આરોપીઓએ માત્ર કાગળ પર જ રાજકીય પાર્ટી ઊભી કરી અને કોઈ પણ પ્રકારના ઓરિજિનલ વાઉચર, બિલ કે સાચા હિસાબો રાખ્યા વગર જ ખોટા ઓડિટ રિપોર્ટ્સ તૈયાર કરીને સરકારી પોર્ટલ પર અપલોડ કરી દીધા હતા.આ પ્રકારે આચરવામાં આવતું હતું કરોડોનું કૌભાંડઆ છેતરપિંડીની મુખ્ય મોડસ ઓપરેન્ડી એવી હતી કે, તે દેશના મોટા કરદાતાઓ પાસેથી બૅંકિંગ ચેનલથી પાર્ટીના બૅંક ખાતામાં મોટું ડોનેશન લેતા હતા. જેના આધારે દાતાઓ ઈન્કમ ટેક્સ હેઠળ ૧૦૦ ટકા ટેક્સ કપાત મેળવતા હતા. ત્યારબાદ, પાર્ટીના ખાતામાંથી આ નાણાં ચૂંટણી પ્રચાર, રેલી કે જાહેરાતના ખોટા ખર્ચાઓ બતાવીને પ્રેનિત કોર્પોરેશન, હેશાઝ કોર્પોરેશન, આયાન એન્ટરપ્રાઈઝ અને શ્રી રામદેવ એન્ટરપ્રાઈઝ જેવી બોગસ કંપનીઓમાં ટ્રાન્સફર કરવામાં આવતા હતા. આ રૂપિયા આંગડિયા પેઢીઓ મારફતે રોકડમાં ઉપાડી પોતાનું નક્કી કરેલું કમિશન કાપી લઈને બાકીની આપીદેવામાંઆવતીહતી.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat